સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

ભોગવે સત્તા સંપૂર્ણ સમર્પણે, એ ગામના છે,
ચૂસીને ફેંકી દે, રાખે છે એને જ જે કામના છે,
પક્ષમાં છે બધા વાનર, એકલા ખૂદ હનુમાન -
જે ધારે તે કરે છે, પક્ષમાં હોદ્દા તો નામના છે..
(ફળદું - પડીકું)

હાલ નેતાની,
પછી થશે તમારી -
'બોલતી બંધ'
('મતદાન કરો' -
સરકારી જાહેરાત)

શરૂ થઇ છે
અમેરિકામાં પણ
તમાચો થેર્પી
(સારવાર પધ્ધતિ)

ચિંતન

પૂરયતિ પૂર્ણમિષા તરંગિણી સંહતિઃ સમુદ્રમિવ ।
લક્ષ્મીર ઘનસ્ય પુનર્લોચન માર્ગે અપિ નાયાતિ ॥

'મોટી મોટી નદીઓના પ્રવાહો સમુદ્રમાં જ જળ ઠાલવ્યા કરે છે, તેમ લક્ષ્મી ઘનથી ભરપૂર બનેલા માણસને જ ભરપૂર બનાવ્યા કરે છે, નિર્ધનને તો તે જોવા પણ મળતી નથી.'

આજકાલ સરકારમાં સૈન્યોમાં, વેપારીઓમાં-બધા જ ક્ષેત્રોમાં ખાયકીનું પ્રમાણ અનેકગણું વધ્યું છે જે લોકો લક્ષાધિપતિ છે એ જ કરોડાધિપતિ અને અબજોપતિ થાય છે જેની પાસે અખૂટ સંપત્તિ છે તેમની પાસે જ લક્ષ્મી વધારે જાય છે ભલે કાવા-દાવા અને ખોટા માર્ગેથી આવતી હોય પણ લક્ષ્મી આવા લોકો પાસે જ જવાનું વધારે પસંદ કરે છે.

આજના કળિકાળમાં ધનપતિઓ, ઉદ્યોગપતિઓ, સરકારીપતિઓ પ્રજાનું એટલું બધું શોષણ કરે છે કે મધ્યમ અને ગરીબ વર્ગ અધિક ને અધિક ગરીબ થતો જાય છે એમને 'પૈસો' જોવા પણ મળતો નથી. ગરીબોને પોતાની જરૂરિયાતો પુરી કરવા માટે નાણાંકીય સુવિધા હોતી નથી ગરીબ લોકો ભૂખ-તરસ-દવા-પોષણ વિના મૃત્યુ પામતાં હોય છે.

કુદરતનો આ ન્યાય કહો કે અન્યાય પણ પ્રાથમિક દૃષ્ટિએ આ જ સત્ય દેખાય છે સમૃદ્રને જળની જરૂરિયાત નથી છતાં મહાનદ એમાં જ ઠલવાય છે જયારે તરસી પ્રજાને કેટલાય કિલોમીટર ચાલીને પાણી ભરવા જવું પડે છે..

સુવિચાર

- માણસ એક શ્રમજીવી જ છે, જો એ શ્રમજીવી નથી તો કંઇ જ નથી - **જોજક કોનરેડ**
- શ્રમથી દરેક બાબત પર વિજય પ્રાપ્ત થાય છે - **જોન લોક**
- શ્રમથી જ સમાજનો ઉધ્ધાર અને વિકાસ થાય છે - **રમુજીની**
- જો તમે અપવિત્રતા અને પાપથી બચવા ઇચ્છતા હો તો તમે તમારૂં કાર્ય ખૂબ ખંત, શ્રમ અને સ્ફૂર્તિથી કરો, ભલેને તમારૂં કામ ગમે તેવું, નાનું કે મોટું હોય - **થોરો**
- જે શ્રમથી આપણને આનંદની પ્રાપ્તિ થતી હોય એ આપણને અમૃત તુલ્ય છે - **શેકસપિયર**
- સ્વચ્છતા અને શ્રમ માનવી માટે ઉત્તમ વૈદ્ય છે - **રોમા રોલાં**
- કુટાઇ-પિટાઇને ખલાસ થવા કરતાં કોઇને માટે શ્રમ કરીને, ઘસાઇ-ઘસાઇને ખલાસ થવું ઉત્તમ - **એસ. ભટ્ટાચાર્ય**

બોધ કથા

પુરૂષ પ્રધાન આ સંસારમાં કાયદાઓ અને શાસન-સત્તામાં હજુ પુરૂષો-સ્ત્રી સ્વાતંત્ર્ય અને સમાનતાને સહન નથી કરી શકતા-રાજકારણીઓ પણ બોલે એટલું જ લોકસભામાં 33% નું બીલ હજુ લાવી શકાતું નથી. વળી, પુરૂષ પ્રધાન રાષ્ટ્રમાં ટકાવારી નક્કી કરનારા છે કોણ?! હમણાં તો એક પ્રધાનશ્રીએ 'બળાત્કાર' વિષે બેહુદુ નિવેદન કર્યું હતું. તો બીજા એક મહાશય કહે સ્ત્રીઓને 'મોબાઇલ' ની મનાઇ કરો! લ્યો.. આ છે આધુનિક ભારતનું નેતૃત્વ!

બર્નાર્ડ શો હાજર જવાબી હતા.

એમને એક પત્રકારે પૂછ્યું, સ્ત્રી સમાનતા બાબત આપ શું માનો છો? બર્નાડ શો એ કહ્યું, સ્ત્રી 'સમાનતા'માં નહીં પણ હું તો સ્ત્રી, પુરૂષો કરતાં હજાર દરજ્જે શ્રેષ્ઠ છે એમ હું માનું છું...

પત્રકારે કહ્યું, આપ કોઇ ઉદાહરણ દ્વારા તમારી વાતને સિધ્ધ કરી શકો ખરા?

બર્નાડ શો એ સ્મિત સાથે કહ્યું - ચોક્કસ! મારી પાસે નક્કર ઉદાહરણ સાથે સાબિતી છે અને તે તમારે પણ સ્વીકારવી પડશે. ગઇકાલે હું એક મેટરનીટી હોમમાં ગયો હતો ત્યાં આઠ સ્ત્રીઓએ એ દિવસે કોઇ મશીનની સહાય વિના બાળકોને જન્મ આપ્યા હતા. પુરૂષો આવી આશ્ચર્યજનક સિધ્ધિ પ્રાપ્ત કરી શકે ખરાં?!

મનોરંજન એ માનવીની મૂળભૂત જરૂરિયાત છે, પુસ્તકનો વિકલ્પ ટેલિવિઝન કદાચ એ જરૂરિયાત વધુ સરળતાથી પુરી કરતું હોય તો પણ તે પુસ્તકનો વિકલ્પ ના બની શકે!

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

થોડાક સમય પહેલાં ક્લાસરૂમમાં તાલીમાર્થીઓને એમના શોખ વિશે પૂછ્યું. મને એમ કે કોઇને વાંચવાનો, ગાવાનો, નાચવાનો, રસોઇ બનાવવાનો કે ફરવાનો શોખ હશે, પણ મારી કલ્પનાથી બિલકુલ ઊંધા એમના શોખ હતા. તેઓના મુખ્ય શોખ ટીવી જોવું, ઊંઘવું અને બહેનપણીઓ સાથે ગપ્પા મારવા.

તાલીમાર્થીઓના વિચાર જાણ્યા પછી મને પણ એક સમય હતો જયારે ટીવી જોવાનો ખૂબ જ શોખ હતો એ દિવસો યાદ આવી ગયા. વીસ વર્ષની આસપાસની ઉંમર એક એવી ઉંમર છે જયારે ટીવીમાં આવતા મનપસંદ પાત્રો આપણા આદર્શ અને માનીતા થઇ જાય છે. આપણે હરહંમેશ એમને જ યાદ કરી કલ્પનાની દુનિયામાં જીવીએ છીએ.

ટીવીની સિરીયલોનો એક નશો થઇ જાય છે. રોજ સાંજે અથવા સવારે એ જોયા વગર ન ચાલે. આપણા ઘરે આપણને ગમતાં મહેમાન આવ્યા હોય અને એ જ સમયે આપણી ગમતી સિરીયલનો સમય થઇ ગયો હોય તો આવનાર મહેમાનની સાથે ઓછી અને ટીવી સામે વધુ નજર રાખીએ છીએ. થોડા સમય પહેલાં સોની ચેનલ પર એક સિરીયલ આવતી. તે મને બહુ ગમતી. આજકાલની સિરીયલોમાં ઝઘડા, ખૂનખરાબી, શકની નજરે જોવું, સાંસુ - વહુના ઝઘડા, બે પતિ કે બે પત્નિઓની વાત વધારે બતાવવામાં આવે છે. ઘણી ઓછી એવી સિરીયલો હોય છે જે સમાજને સારો મેસેજ આપે છે. આપણને પણ તેમાંથી કંઇક શીખવા મળે છે. પરિવાર સાથે બેસીને જોવાનું ગમે.

મને ગમતી સિરીયલોનું નામ હતું 'કાજલ સબકી આંખો કા' આના પાત્રો એકદમ સરસ એની પસંદગી ઉત્તમ એને ઉપસાવવા માટે જે હાવભાવ, એક્ટીંગ, બોડી લેન્ગ્વેજ વગેરે જોઇએ એ બધું બરાબર રીતે આવી જાય છે.

મને એ સિરીયલ એટલા માટે ગમતી કે એની વાર્તા પણ દિગ્દર્શકે સારી પસંદ કરી હતી. સિરીયલમાં એક ચિરંતન સંદેશ વહેતો મુકાયો છે. તે મુળમાં બીજાની વસ્તુ હોય તો તેનો ત્યાગ કરવો. આપણે મોટા ભાગે આપણા માટે જીવીએ છીએ. વિચારોથી, મનથી, તનથી, પૈસાથી, વસ્તુઓથી આપણે બધું આપણા માટે લેવાનું નક્કી કરીએ છીએ. આપણા સ્વાર્થ ખાતર આપણે બીજાની બલિ લેવા માટે પણ તૈયાર થઇએ છીએ. એવું કામ કરતાં આપણને કોઇ લાજ, શરમ આવતી નથી બસ આપણે આપણા આનંદ માટે ગમે તે કરવા તૈયાર થઇ જઇએ છીએ.

અત્યારે તો માણસ પોતાના સ્વાર્થ માટે પોતાના સ્વજનોનું ખૂન પણ કરવા માટે તૈયાર થઇ જતો હોય છે. અત્યારે માણસનું મન ટૂંકુ થઇ ગયું છે. પોતે પોતાના માટે જ જીવે, બીજાના માટે હરગિજ નહીં.

પણ આ સિરિયલ આનાથી બિલકુલ અલગ હતી. એમાં મુખ્ય પાત્ર દેવ અને કાજલ છે. વાર્તા કંઇક આ પ્રમાણેની હતી. દેવ એક રેડિયો કંપની સ્થાપે છે. કાજલ એમાં રેડિયો એનાઉન્સરનું કામ કરે છે. કાજલના અવાજથી લોકો એના પ્રોગ્રામને સૌથી વધારે પસંદ કરે છે. ધીરે ધીરે દેવ અને કાજલ એકબીજાને પસંદ કરે છે. ઘરનાં સભ્યો પણ આ સંબંધનો સ્વીકારે છે. એકબીજાને ઘરે આવ-જા થતાં અને બહાર ફરવા જતા, ઘરે લગ્નની શરણાઇઓનાં સૂર સંભળાય છે એ જ વખતે દેવનાં પરિવારમાં એક દુઃખદ ઘટના બને છે. દેવની માતાનું અવસાન થાય છે એનો આરોપ કાજલ પર આવે છે. જેનાથી કાજલ અજાણ હોય છે. પણ ગેરસમજનો ભોગ કાજલ જરૂર બને છે. દેવના મનમાં કાજલ માટે નફરત પેદા થાય છે. આ કામ માટે દેવનો નાનો ભાઇ જવાબદાર હોય છે. એની જાણ દેવને થાય છે, ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે કારણ કે ત્યાં સુધી દેવે કાજલને પોતાના ઘર અને ઓફિસમાંથી કાઢી મુકી હોય છે.

આ આઘાત સહન ન થતાં કાજલ પોતાનો પરિવાર છોડીને ચાલી નીકળે છે, ત્યારે એનો એક્સિડેન્ટ થાય છે અને એ પોતાની યાદશક્તિ ગુમાવી બેસે છે અને દવાખાનાથી નીકળી ટ્રેનમાં બેસે છે. એ દરવાજામાં બેઠી હોય છે, કાજલ ટ્રેનમાંથી પડવાની તૈયારીમાં હોય છે એ વખતે આદિત્ય નામનો યુવક એને બચાવી લાવીને પોતાની પાસે બેસાડે છે. ડબ્બામાં અન્ય મુસાફરો આમને પતિ-પત્નિ માને છે. જયારે ઉતરવાનું સ્થળ આવે છે ત્યારે આદિત્ય ઉતરી જાય છે પણ બાજુમાં બેઠેલી અન્ય સ્ત્રીઓ કાજલને કહે છે તારો પતિ તો ઉતરી ગયો તું પણ તેની સાથે જા અને સજી-ધજીને મનાવવાની કોશિશ કર અને શાંતિથી જીવી પોતાનો સંસાર ચલાવ એટલે કાજલ આદિત્યની પાછળ ઉતરી જાય છે. પણ બિમારીના કારણે એને ખૂબ જ અશક્તિ આવી ગઇ હોવાથી ચાલવામાં તકલીફ પડે છે.

આદિત્ય ઊંડા સંસ્કારો ધરાવતો હોવાથી કાજલને કોઇ પણ સંબંધ વગર પોતાની સાથે પોતાના ઘરે લઇ જાય છે. કાજલ આદિત્યને પોતાના પતિ માને છે. એની પાસે પોતાની સલામતી મહેસૂર કરે અને જયાં જાય ત્યાં તે એની સાથે જાય છે ગામમાં આદિત્યની છાપ સજ્જન વ્યક્તિ તરીકેની છે. એના મનમાં ક્યારેય કાજલ માટે ખરાબ ભાવ જન્મ્યો નથી પણ ધીરે ધીરે કાજલ માટે પ્રેમ જાગે છે. ગામ લોકો પણ તેને ભાભીના નામે સંબોધન કરે છે.

આ.ાદિત્ય અને કાજલના લગ્નની શરણાઇ વાગે છે ત્યારે પૂજા વખતે એને ઓચિંતી અગાઉની ઘટનાઓની ઝાંખી સ્મૃતિ થવા લાગે છે. એ બેહોશ થઇ જાય છે. ત્યારે એની યાદ શક્તિ પાછી આવે છે. એને પોતાનો અતીત યાદ આવે છે. દેવ યાદ આવે છે. પોતાના આગળનાં સંબંધ યાદ કરે છે પણ એ ગામમાં દેવનું આગમન થાય છે. આદિત્યને દેવ અને કાજલના સંબંધોની જાણ છે અને કાજલની ખુશી માટે પોતાની ખુશીની કુરબાની આપે છે. આદિત્ય કાજલ અને દેવને ભેગા કરે છે એ કાજલની ખુશીમાં પોતાની ખુશી દેખાય છે.

સ્વામી વિવેકાનંદ કહે છે તેમ 'ઉત્કટ આત્મા - ત્યાગમાંથી જ ધર્મનો ઉદય થાય છે. પોતાના કાજે કશી જ ઇચ્છા ન રાખો. અન્ય કાજે બધું જ કાર્ય કરો. એનું નામ જ ઇશ્વર. ઇશ્વરમાં બધું જ કાર્ય કરો. એનું નામ જ ઇશ્વર. ઇશ્વરમાં સ્થિતિ, ગતિ અને હસ્તી એટલે કે અસ્તિત્વ હોવું.'

ટેલિવિઝન ઘર ઘરની જરૂરિયાત બની ગઇ છે. ખરૂં પૂછો તો એ પુસ્તકોની અને ક્યારેક તો ધર્મગ્રંથોની પણ ગરજ સારે છે. રામાયણ અને મહાભારત જેવી પૌરાણિક સિરીયલો એ ભારતીય સંસ્કૃતિના પ્રચાર અને પ્રસારમાં ખૂબ મહત્ત્વનો ફાળો આપેલ છે. આપણી નવી પેઢી આપણા મહા કવિઓનાં આવા ક્લાસિક ગ્રંથો વાંચવા માટે ક્યારે સમય ફાળવવાની હતી? આ બે સિરીયલો પ્રસારિત થતાં ઘેર-ઘેર રામ, સીતા, કૃષ્ણ અને પાંડવ કૌરવો કે ભીષ્મ અને કર્ણના નામ ગૂંજતા થઇ ગયા આ સિરીયલો એ આપણા સંસ્કાર વારસા સાથે તુટી ગયેલો આપણી નવી પેઢીનો અનુબંધ સાંધી આપીને ખુબ જ મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

ધાર્મિક સિરીયલો કરતાં પણ વધારે દર્શન સંખ્યા ધરાવતી સામાજિક સિરીયલોમાં આપણો મધ્યમવર્ગ ગળાડૂબ ઓતપ્રોત રહે છે. ટીવી સિરિયલો એ ક્યકડા ઉપર કંડારેલી કોઇ લેખકની કલમે લખાયેલી કાલ્પનિક વાર્તા માત્ર છે. એવું સમજવાની જગ્યાએ માની લઇ એની સાથે લાગણીના સંબંધે જોડાઇ જતા હોય છે. અને પરિણામે ક્યારેક દુર્ઘટનાઓ પણ બનતી રહે છે.

મનોરંજન એ માનવીની મૂળભૂત જરૂરિયાત છે. પુસ્તકનો વિકલ્પ ટેલિવિઝન કદાચ એ જરૂરિયાત વધુ સરળતાથી પૂરી કરતું હોય તો પણ તે પુસ્તકનો વિકલ્પ ના બની શકે!

બે પગે સીધા ચાલતા માનવીના અઢારેય અંગ વાંકાને વક્ર દૃષ્ટિએ પ્રસ્તુત કરતું હાસ્યપ્રધાન લેખોનું પુસ્તક

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

કવિ કલપતરામે અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં પ્રાણીઓનાં જુદા જુદા વાંકા અંગો ગણાવીને 'આપના અઢાર છે' વાળી કવિતા આપી પણ એ કવિતા માનવીને બિલકુલ લાગુ પડતી નથી. આમ પણ કવિઓ કં કોઇ વાત સીધે સીધી તો કહી દેતાં હોય એવું હોતું જ નથી. તેમાં પણ કવિતામાં જો સીધું કથન કરવામાં આવે તો તેમાં કાવ્ય તત્ત્વ ક્યાંથી રહે. કવિ દલપતરામનું આ પ્રખ્યાત કાવ્ય પહેલાં પ્રાથમિક શાળામાં ભણવવામાં આવતું હતું. ત્યારે ઘણાં સુજ્ઞ શિક્ષકો તેનો મર્મ વિદ્યાર્થીઓને સમજાવતા. તે શિક્ષણ અને શિક્ષકો પાસે ભણેલા વિદ્યાર્થીઓમાં ક્યારેય એ કાવ્ય તેમજ મનોજગતમાં ભૂસાતું નથી. તે ઉપરાંત તેના વિષે તેઓ ઘણી વિચારણા પણ કરતા. એમાંના એક એટલે રમણલાલ છનાલાલ પટેલ હોય તેમ લાગે છે. તેથી તેમણે માણસના અઢારેય અંગ વાકા અંગેના હાસ્ય લેખો આપ્યા છે. જે માણસને ખુદ પર હસાવવાના પ્રયાસરૂપ છે તેમ કહી શકાય.

'અઢારેય અંગ વાંકા' પુસ્તકમાં એક હાસ્ય કલાકાર તરીકે લેખકે વાળ, ટાલ, કપાળ, આંખ, કાન, નાક, દાંત, જીભ, મુંછ, હોઠ, દાઢી, (ગાલ, ગળુંને ગરદન) હાથ, પગ, પેટ (કમર, છાતિને બરડો) આંગળીઓ (નખ, બગલ અને પાની) એમ અઢારેય અંગો વિશે હાસ્ય રસિક રમુજી ટુચકાઓ જે સ્ટેજ પર કરીને લોકોને હસાવતા હતા તે પુસ્તક રૂપે પ્રસ્તુત કરે છે. તેથી લેખકે અહીં એકે એક અંગ વિષે આગવો એક લેખ લખ્યો છે. પરંતુ એકલા ગળા, એકલી ગરદન કે એકલા ગાલ વિષે લાંબુ લખવું મુશ્કેલ લાગતાં તેને એ વિષે પણ બન્યું છે. તો વળી, નખ સાથે બગલ અને પાનીને પણ સમાવી લીધાં છે.

આમ ગણીએ તો કુલ એકવીસ જેટલાં અંગો થાય. પણ છેક મહાભારતના ગીતાકાળથી અઢારનો આંકડો અતિખ્યાત છે. કુરૂક્ષેત્રના મેદાનમાં મહાભારતનું યુધ્ધ અઢાર દિવસ ચાલેલું. ભગવાન શ્રી કૃષ્ણ રચિત ભગવત ગીતાના અધ્યાય પણ અઢાર છે. તેથી જ કદાચ લેખકે અઢારનો આંક પસંદ કર્યો છે. તેથી જ 'અઢારેય અંગ વાંકા' ને સાવ સીધેસીધો આવકાર આપતાં



પશ્ચિમાંચલના માઇ ગુર્જર સાહિત્યિક પત્રકાર અને લેખક મસ્તરામ ગહેલોત કહે છે કે, 'ઝીણામાં ઝીણી વિગતો પણ લેખકનો ચકોર દૃષ્ટિમાંથી છટકવા પામી નથી. તો કેટલીક વાતો તો એમની મૌલિક ચિંતન દૃષ્ટિ દર્શાવે છે.'

પોતાના આ પુસ્તકની પ્રસ્તાવનાને હસ્તાવના તરીકે ઓળખાવતા લેખક તેમાં હાસ્યસભર રીતે પોતાનો પરિચય પણ બહુ સરસ રીતે આવે છે. તેઓ કહે છે કે -

"રાધા રમણ હરિ
ગોપાલ બોલો
ગોવિંદ બોલો હરિ,
ગોપાલ બોલો"

મીરાંના આ ભજનમાં આવે છે એમ 'રમણ' એ કૃષ્ણનું જ એક નામ હતું. મને થયું કે મહાભારત કાળમાં ભગવાન કૃષ્ણે જો ભગવદ્‌ગીતા રચી અને પોતાના શિષ્ય અર્જુન ને સંભાવે તો કળિયુગનો આ એક ભગવાન - ભગવાન નહીં તો ખેર ઇન્સાન તો ઇન્સાન રમણ (રમણલાલ છનાલાલ પટેલ) પોતાના વાચકો રૂપી અનેક અર્જુન - અરજણ - અરે! વાચકને એક મામૂલી એવી હસવદ્‌હિળા (હસી-બોલીને હિત કરે એવી) ના સંભળાવી શકે?

લેખક કહે છે કે મારી અને કૃષ્ણની વચ્ચે બીજા પણ એક યોગાનુયોગ છે. તે બાલ્યાવસ્થામાં ગોકુળમાં ૧૧ વર્ષ અને ૫ર દિવસ રહેલાં જયારે આ કૃષ્ણ (રમણે) પૌઢાવસ્થાના અગિયાર વર્ષ અને બાવન દિવસ કલોલની કોલેજમાં નિવૃત્તિ પૂર્વે કામગીરી નિમિત્તે વિતાવેલાં. આમ પણ કૃષ્ણના નામધારી રમણ એટલે ર-મન (બે-મન) ચેતન મન અને અચેતન મન ધરાવે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૯મી ઓક્ટોબર

- જેમનું નામ બેરોમીટર સાથે સંકળાયેલું છે તે ટોરિશેલી એપેરા જામેટ્રિકાના એકમાત્ર ગ્રંથના લેખક દ્વારા વિશ્વવ્યાપી બનેલા મહાન વૈજ્ઞાનિકની પુણ્યતિથિ.



- ૧૯૧૦ - ભારતના મહાન અવકાશ વિજ્ઞાની, તારાઓથી રચના, વાયુ મંડળ તારાઓની વયમર્યાદાની થિયેરીના શોધક, ધ મેથેમેટિકલ થિયરી ઓફ બ્લેક હોલનાં વૈજ્ઞાનિક ગ્રંથના લેખક-ખગોળશાસ્ત્રી ડો. ચંદ્રશેખર સુબ્રહ્મણ્યમનો જન્મદિન.

- ૧૯૯૬ - પૂર્વ મુખ્યમંત્રીશ્રી શંકરસિંહ વાઘેલાએ વિશ્વાસનો મત જીત્યો.
- ૧૫૦૪ - વાસ્કો-ડી-ગામાએ બીજી વખત હિન્દની સફર ખેડી.
- ૧૯૨૩ - તુર્કીને પ્રજાસત્તાક રાજ્ય જાહેર કરી મુસ્તુફા કમાલે પહેલાં રાષ્ટ્રપતિ પદ ધારણ કર્યું.

મને માત્ર તારા ઉપર જ વિશ્વાસ છે, મારો જવાનો સમય થઇ ગયો છે... અલવિદા... આમ બોલતી અને અશ્રુભીની આંખો સાથે શિલ્પા હવામાં ઓગળી ગઇ, તેનો મોક્ષ થઇ ગયો હતો

નર્સ...એક પ્રેતકથા

(અંતિમ ભાગ-૭)

(રહસ્યનાં વમળમાં ઘૂમરાતી વાર્તા)

- હર્ષદરાય ઉપાધ્યાય

ધીરે ધીરે સૌને મોનિકાના પ્રેતની વાત સમજાવા લાગી હતી. ઘણાં લોકો વાતને માત્ર વહેમ બતાવી રહ્યા હતા. જેમ તેમ કરતાં રાત પસાર થઇ હતી. હોસ્પિટલમાં પ્રેતની વાત ચારેબાજુ પ્રસરવા લાગી હતી. ડોકટર કરમાકર ભારે વિસ્મય પામી આ વાતને ગંભીરતાથી લેતા હતા. કેમ કે, થોડું ઘણું રહસ્ય તેમને ખબર હતી.

સમય જતો ગયો. મોનિકાની વાત વિસરાવા લાગી હતી. પણ કશુંકને કશુંક અજુકતું બનવા લાગ્યું હતું. શાંત લોબીમાં ક્યારેક લાઇટ ચાલુ-બંધ થતી તો ક્યારેક કોઇકનાં ચાલવાનો અવાજ સંભળાતો. ઘણી નર્સોએ અજાણી સ્ત્રીની ઝલક જોયાની વાતો થવા લાગી.

મધરાતે દર્દીઓ અચાનક ભયભીત થઇ જતા. અજાણ નર્સનો ખોફ વધવા લાગ્યો હતો. ક્યારેક હાથ ધોતી નર્સના હાથમાંથી લોહી વહેવા લાગતું. ક્યાંક તો અરીસામાં પાછળ મોનિકા દેખાતી. આમને આમ હોસ્પિટલ ભૂતિયા હોસ્પિટલમાં ફેરવાવા લાગી હતી.

ધીરે ધીરે દર્દીઓ ઘટવા લાગ્યા હતા. ડોકટરની માનસિક હાલત બગડવા લાગી હતી. સૂરજની કહાનીથી તે અજાણ ન હતા. જરૂર મોનિકા તેનો બદલે લેવા આવી છે પણ તેમને એ ન સમજાતું કે મોનિકાને ને મારે શું છે? મેં ક્યાં તેનું કોઇ અહિત કર્યું છે? શા માટે તે હવે તેમની પાછળ પડી છે? કશું સમજાતું ન હતું. પણ સત્યની તેમની પુરેપુરી જાણ ન હતી.

હવે તો હોસ્પિટલ સુમસામ રહેવા લાગી. મોનિકાના ભયે કોઇ ત્યાં કામ કરવા તૈયાર ન હતું. ડોકટરની આવક બંધ થઇ હતી. ભારે આર્થિક અને માનસિક તનાવ તેમને રહેવા લાગ્યો હતો.

ચિંતાઓને ચિંતામાં તેઓ ગાડી ચલાવતા રહેતા. એક સાંજે તેઓ ગાડી લઇ દૂર દરિયા કિનારે પહોંચ્યા હતા. ઊંડા વિચારોમાં તે હતા. ગાડી લઇ દૂર દરિયા કિનારે પહોંચ્યા હતા. ઊંડા વિચારોમાં તે હતા. રાત્રી જામતી ગઇ. ઊંડો નિસાસો નાંખી તેમણેગાડી પાછી ઘર તરફ હંકારવી શરૂ કરી.

એક વણાંક આગળ અચાનક મોનિકા તેમની સામે આવી ગઇ હતી. ગભરાટના માર્યા તેમણે જોરથી ગાડીને ગુમાવી પરંતુ ત્યાં જ તેમની ગાડી ઉથલી પડી અને જોતજોતામાં તેમનું સ્થળ ઉપર જ કરૂણ મોત થયું.

વાયુવેગે વાત ચારે બાજુ પ્રસરી ગઇ હતી. શિલ્પાને પણ સમાચાર મળી ગયા હતા. શિલ્પાને સમાચાર મળ્યા ત્યારે ચહેરા ઉપર ન સમજાય તેવા ભાવ આવ્યો હતો.

(અનુસંધાન પાના નં. ૬ પર)